**અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનના નિર્માણ અને મરામત માટે આર્થિક સહાય બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-બનગ-૧૦૯૯-૬૪૮-એનઆરઆઇ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૧/૦૪/૨૦૧૫

**સંદર્ભ :-** (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૨/૦૬/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃબનગ-૧૦૯૯-૬૪૮-એનઆરઆઇ
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૫/૧૧/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃબનગ-૧૦૯૯-૬૪૮-એનઆરઆઇ
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧/૦૧/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃબનગ-૧૦૯૯-૬૪૮-એનઆરઆઇ
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૭/૦૮/૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ-બનગ-૧૦૯૯-૬૪૮-એનઆરઆઇ

**પ્રસ્તાવના :-**

ગુજરાતની પરંપરાઓનું યોગ્ય જતન કરવાની દિશામાં, અન્ય રાજ્યોમાં અને વિદેશોમાં વસતા ગુજરાતીઓ સાથે જીવંત સંપર્ક સેતુ જાળવી રાખવા અને ગુજરાત સરકાર અને બિન નિવાસી ગુજરાતીઓના પરસ્પરના સહયોગ દ્વારા વિવિધ ક્ષેત્રે વિકાસ પ્રક્રિયામાં એક મેકના પૂરક બની રહેવાય તે હેતુથી સામાન્ય વહીવટ વિભાગ હેઠળ બિન નિવાસી ભારતીયોના પ્રભાગની રચના કરવામાં આવેલ છે. તેના ભાગ રૂપે આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૪)ના ઠરાવોથી ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના બિન નિવાસી ભારતીયોના પ્રભાગ હેઠળ હાલ અમલમાં છે. આ યોજના અમલમાં મુક્યાને દસ વર્ષ કરતાં વધારે સમય થયેલ છે. દસ વર્ષ પહેલાં સમાજ ભવન માટેની નિર્ધારિત કરવામાં આવેલ રકમ હાલના સમયમાં ઓછી જણાયેલ હોઇ, સહાયમાં વધારો કરવાની બાબત તથા સમાજ ભવનના મરામત(રીપેરીંગ) માટે સહાય આપવાની જોગવાઈ હાલની યોજના હેઠળ ન હોઈ, આ હેતુ માટે સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

આ બાબતે પુખ્ત વિચારણાને અંતે હવે ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ/મરામત માટે નીચે મુજબની સંકલિત યોજના તા.૦૧/૦૪/૨૦૧૫ થી અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. **અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનના બાંધકામ/ખરીદી/વિસ્તરણના હેતુ માટે સહાયની યોજના:**

અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ સંસ્થાઓને સમાજ ભવનના બાંધકામ/ખરીદી/વિસ્તરણના હેતુ માટે હાલ વધુમાં વધુ રૂા.૧૦.૦૦ લાખ (રુપિયા દશ લાખ) સુધીની સહાય મંજુર કરવામાં આવે છે, આ રકમમાં વધારો

કરીને હવે નીચે જણાવેલ શરતો ને આધિન વધુમાં વધુ રૂ.૨૦.૦૦ લાખ (વીસ લાખ) ની સહાય આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**યોજનાની શરતો :-**

(૧) અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ/તૈયાર મકાનની ખરીદી/હયાત મકાનના વિસ્તરણ માટે રૂપિયા ૨૦ લાખ અથવા બાંધકામ/ખરીદી/વિસ્તરણના ખર્ચના ૨૫ ટકા એ બે માંથી જે ઓછું હોય તેટલી રકમની સહાય કોઈ પણ શહેર/નગર/ગામ કે જ્યાં ૧૦૦ કે તેથી વધુ ગુજરાતી કુટુંબો વસવાટ કરતા હશે, તેવા સ્થળોની ગુજરાતી સમાજ સંસ્થાઓને મળવાપાત્ર થશે.

(૨) જે સ્થળોએ ઓછામાં ઓછા ૧૦૦ ગુજરાતી કુટુંબો વસવાટ ન કરતા હોય પરંતુ તેવા સ્થળોએ નોંધપાત્ર સંખ્યામાં ગુજરાતીઓ મુલાકાત લેતા હશે તેવા સ્થળોએ જો કોઈ પણ ગુજરાતી સમાજ આવું ભવન બનાવવા માંગતા હશે તો આ હેતુ માટે પણ સહાય આપવા સંબંધે સરકાર સ્વવિવેકાનુસાર નિર્ણય લઈ શકશે. આ બાબતે યોગ્ય નિર્ણય કરવાના હેતુથી સંબંધિત અધિકારી તેવા સ્થળની મુલાકાત લેશે અને જરૂરી ડેટા / વિગતો મેળવી ત્યારબાદ મુલાકાતના આધારે તેમના સ્થળ તપાસ અહેવાલ -સહ-ભલામણ સરકારશ્રીને કરશે અને તેના આધારે સહાય મંજૂર કરવાપાત્ર જણાય તો જ સહાય મંજૂર કરવામાં આવશે.

(૩) સંસ્થા જે તે રાજયના સંબંધિત કાયદા હેઠળ પબ્લિક ટ્રસ્ટ તરીકે નોંધાયેલી હોવી જોઇએ અથવા તો જો આવી સંસ્થા સોસાયટી હોય તો તે સખાવતી હેતુ માટે રચાયેલી હોવી જોઇએ અને જે તે રાજયના સંબંધિત કાયદા હેઠળ નોંધણી કરાવેલી હોવી જોઈએ તેમજ આવી સોસાયટી સંબંધિત રાજયના પબ્લિક ટ્રસ્ટને લગતા કાયદા હેઠળ પબ્લિક ટ્રસ્ટ તરીકે ગણાતી હોવી જોઈએ અને તેનું બંધારણ પણ તે હેઠળ મંજૂર થયેલું હોવું જોઈએ.

(૪) સહાય મેળવવા માટે અરજી કરતી વખતે સંસ્થાનું બંધારણ અને પ્રવૃત્તિઓનો ટૂંકસાર રજૂ કરવાનો રહેશે.

(૫) જે સંસ્થાના બંધારણમાં મૂળ ગુજરાતની વ્યક્તિઓને નાત, જાત કે ધર્મના ભેદભાવ વિના સભ્યપદ આપવાની જોગવાઇ હશે, તેમને જ આ સહાય મળી શકશે.

(૬) સમાજ ભવનનો, ઉપયોગ મૂળ ગુજરાતની કોઇપણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાશે તેવી સ્પષ્ટ જોગવાઇ સંસ્થાના બંધારણમાં કરેલી હોવી જોઇએ.

(૭) જે સંસ્થાના હેતુઓ ગુજરાતની કલા/સાંસ્કૃતિ/ભાષા શિક્ષણ કે સામાજિક પ્રવૃત્તિના હશે તેમને જ આ સહાય મળવાપાત્ર રહેશે.

(૮) આ સહાય અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનના મકાનના બાંધકામ માટે અથવા તૈયાર મકાનની ખરીદી માટે અથવા હાલના મકાનના વિસ્તરણ માટે આપવામાં આવશે.

(૯) સહાયની માંગણી કરતી સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટેડ હિસાબો સરકારને મોકલવાના રહેશે.

(૧૦) સહાય મેળવવા માટે અરજી કરતી વખતે સંસ્થાએ બાંધકામ/ ખરીદી/વિસ્તરણના ખર્ચના ૭૫ ટકા જેટલી રકમની વ્યવસ્થા પ્રથમ કરવાની રહેશે. અથવા તેટલી રકમની વ્યવસ્થા કરી શકશે તે મુજબના નક્કર

પુરાવા રજુ કરવાના રહેશે, ત્યાર બાદ જ મળવાપાત્ર આર્થિક સહાય ચુકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧૧) સંસ્થાને આ સહાય એક જ વખત મળવાપાત્ર રહેશે.

(૧૨) મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ સમાજભવનનું બાંધકામ લીન્ટલ લેવલ સુધીનું થયા અંગેનું પ્રમાણપત્ર રજુ કર્યા પછી અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામ પુર્ણ થયા અંગેનું સ્થાનિક નિયત સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજુ કર્યા પછી ચુકવવામાં આવશે.

(૧૩) ગુજરાતી સમાજ ભવનનું બાંધકામ/ખરીદી/વિસ્તરણની પ્રક્રિયા વધુમાં વધુ ૩ વર્ષમાં પુરી કરવાની રહેશે.

(૧૪) સહાય મળી ગયા બાદ પણ જે તે સંસ્થાએ તેના વાર્ષિક અહેવાલ નિયમિત રીતે સરકારને મોકલવાના રહેશે.

(૧૫) અનુદાન મેળવેલ અન્ય રાજ્યોમાંની ગુજરાતી સમાજ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિમતમાંથી પરત કરવાની રહેશે.

૨. **ગુજરાતી સમાજ ભવનના મરામત, સમારકામ કે નવીનીકરણ માટે સહાયની યોજના:**

ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણના ખર્ચ પેટે આર્થિક સહાય આપવાની યોજના આમુખમાં જણાવેલ ઠરાવો અંતર્ગત હાલ અમલમાં છે. આ ચાલુ યોજનામાં ગુજરાતી સમાજ ભવનના મરામત, સમારકામ કે નવીનીકરણ(Repair/Renovation) ના હેતુ માટે કોઇ સહાય આપવાની જોગવાઇ નથી આથી કાળજી પૂર્વકની વિચારણાને અંતે, નિયત પાત્રતા ધરાવતી અને ફકરા-૧ માં દર્શાવેલ શરતો ક્રમાંક: (૩) થી (૧૧) પરિપૂર્ણ કરતી અન્ય રાજ્યોની ગુજરાતી સમાજ સંસ્થાઓને તેમના હયાત સમાજ ભવનના મરામત, સમારકામ કે નવીનીકરણ(Repair/Renovation) ના હેતુ માટે રુપિયા ૫.૦૦ લાખ (રુપિયા પાંચ લાખ) અથવા સંભવિત કુલ ખર્ચના ૨૫ ટકા રકમ એ બે માંથી જે ઓછુ હોય, તેટલી રકમની સહાય નીચે પ્રમાણેની શરતોએ મંજૂર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**શરતો :-**

(૧) આ સહાય અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનના હયાત મકાનના મરામત, સમારકામ કે નવીનીકરણ(Repair/ Renovation) ના હેતુ માટે માટે આપવામાં આવશે.

(૨) મરામત/સમારકામ/નવીનીકરણ અંગેના સંભવિત ખર્ચ અને કામની વિગત અંગે એન્જીનીયરના અંદાજો(એસ્ટીમેટ) સાથે દરખાસ્ત રજુ કરવાની રહેશે

(૩) સહાય મંજૂર થયેથી મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમની ચૂકવણી કામ શરુ કર્યાનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી અને બાકીની ૫૦ ટકા રકમ કામ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર તથા ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કર્યા પછી ચૂકવવામાં આવશે.

(૪) સંસ્થાને આ સહાય આ હેતુ માટે એક જ વખત મળવાપાત્ર રહેશે.

(૫) ગુજરાતી સમાજભવનનું મરામત, સમારકામ કે નવીનીકરણ(Repair/ Renovation) પ્રક્રિયા વધુમાં વધુ એક વર્ષમાં પુરી કરવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંક:૩૩ ના હિસાબના મુખ્ય સદર ૨૦૫૨- સચિવાલય સામાન્ય સેવાઓ, ૦૯૦-સચિવાલય (૫) બિન નિવાસી ભારતીયોના વિગતવાર સદર ૩૧૩૫-સહાયક અનુદાન અન્યને" હેઠળ ઉધારવાનો અને તે હેઠળ કરેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૨-૦૨-૨૦૧૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન. પી. લવિંગીયા)
સંયુક્ત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,
૧. માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
૨. માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/માન.મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
૬. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
૭. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
૮. નાણા સલાહકારશ્રી(સામાન્ય વહીવટ વિભાગ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, બ્લોક નં. ૧૬/૩, ઉદ્યોગ ભવન, ગાંધીનગર (સર્વે ગુજરાતી સમાજ સંસ્થાઓને જાણ કરવાની વિનંતી સહ)
૧૦. સચિવાલયના સર્વે વિભાગો.
૧૧. સિલેકટ ફાઈલ.

૫/૪/૧૫.